॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

Page: 01

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૬ ● નિ. આષો સુદ-૨ ● તા. ૧૮-૧૦-૨૦૨૦ ● રવિવાર SDP NO: 183 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

આજે નવરાત્રી બીજો દિવસ - બીજું નોરતું

નવરાત્રીના પર્વના બીજા દિવસે નવદુર્ગાનાં બીજા સ્વરૂપ એવા બ્રહ્મચારિણી માતાની પૂજા-અર્ચના કરવામાં આવે છે. સાધકો આ દિવસે પોતાના મનને માતાજીના ચરણોમાં સમર્પિત કરે છે. બ્રહ્મનો અર્થ છે તપસ્યા અને ચારિણીનો અર્થ છે આચરણ કરનારી. આમની પુજા કરવાથી મનુષ્યને તપ, ત્યાગ, વૈરાગ્ય, સદાચાર અને સંયમની વૃધ્ધી થાય છે. તેમજ મન પણ કર્તવ્ય પથ પરથી વિચલીત થતું નથી. એમના જમણા હાથમાં જપ કરવાની માળા તેમજ ડાબા હાથમાં કમંડળ રહેલું હોય છે.

અબડાસા પેટા ચૂંટણી... અબડાસામાં કુલ ૩૨ ફોર્મ ભરાયા આજે છેલ્લા દિવસે ૧૪ ફોર્મ ભરાયા

ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ દિવસે ૧-અબડાસા વિધાનસભા મતવિસ્તાર પેટા ચૂંટણી માટે ૧૪ ઉમેદવારી પત્રો ભરાયાં

○○○

અત્યાર સુધીમાં કુલ ૩૨ ઉમેદવારી પત્રો ભરાયાં

૧-અબડાસા વિધાનસભા મત વિભાગ ચુંટણી માટે આજે ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ દિવસે ૧૪ ઉમેદવારી પત્રો ભરાયાં છે. આ અગાઉ ૧૮ ઉમેદવારી ફોર્મ ભરાયા છે જે સહિત અત્યાર સુધીમાં કુલ ૨૬ ઉમેદવારો દ્વારા ૩૨ ઉમેદવારી પત્રો ભરાયા છે તેવું ચુંટણી શાખા, ભુજ દ્વારા જણાવાયું છે.

મતદાન અવસ્ય કરવું

મતદાન બંધારણીય અધિકાર છે...

અબડાસા પેટા ચૂંટણી ફોમ ચકાસણી કાર્ય પૂર્ણ.. ૩૨ ઉમેદવાર ના ફોમ માંથી ૦૭ ફોર્મ રદ કરવામાં આવેલ. ઉમેદવારો ના ૨૫ ફોમ માન્ય કરવામાં આવેલ.હાલ સુધીના ચિત્ર પ્રમાણે ૧૯ ઉમેદવારો વચ્ચે ખેલાશે ચૂંટણીનો જંગ. હજી ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનું બાકી છે..

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સનાતન ધર્મ પત્રિકા

સમાજની પ્રગતિનું સાચું પ્રતિબિંબ

વ્હાલા જ્ઞાતિજનો,

જય સનાતન, સહ આત્મીય વંદન.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર 'સનાતન ધર્મ પત્રિકામાં માસિક બહાર પડી રહ્યું છે ચાલુ વર્ષે નવેમ્બર ૨૦૨૦ નો અંક એક સંભારણા સ્વરૂપે દીપોત્સવી અંક પ્રગટ કરવાનું નક્કી કર્યું છે. આ વિશેષાંક ભારતભરમાં આપણી સમાજ તેમજ વિવિધ સંસ્થાઓ અને સનાતની ઓના ત્યાં સંસ્કારના બીજ નુ વાવેતર! થાય આવતી પેઢી માં સમાજ પ્રત્યેનો લગાવ વધે તે ભાવના સહ બહાર પાડવા જઇ રહ્યા છીએ, તેમાં આપણી સંસ્કૃતિને છાજે તે રીતના લેખો, સનાતની સમાજ ની વાતો, અહેવાલો, બાળકોના શિક્ષણની મોટીવેશનલ વાતો આપણી મૌલિક ભાષામાં જ આપવામાં આવનાર છે અને સાથે - સાથે રાબેતા મુજબની કોલમ તો ખરી જ. તો આપ શ્રી ને નમ્ર અપીલ કે આપની ધંધાકીય પેઢી કે સંસ્થાની જાહેરખબર, શુભેચ્છા સંદેશ સાથે શુભેચ્છાઓ, શ્રદ્ધાંજલિ, વ્યક્તિ વિશેષ ગૌરવ, પ્રતિભાશાળી વ્યક્તિત્વનો પરિચય આપણા પોતાના મુખપત્ર સનાતન ધર્મ પત્રિકા માં આપી જરૂરી સહયોગ આપશો એવી અપેક્ષા. જે સભ્યોને પોતાના વ્યવસાયની જાહેરાતો આપવાની હોય તેઓ માટે આ અંક એક ઉત્તમ નજરાણું બની રહેશે. દરેક માનવંતા જ્ઞાતિજનોને પોતાની જાહેરાતની વિગત મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

દિવાળી નવેમ્બર 2020 ની શુભેચ્છા જાહેરાતના ભાવ

	Qurter Page	Half Page	Full Page
First Page (Glozi)	Not Availebale	15000	Not Availebale
second Page (Glozi)	6000	11000	21000
Last Page (Glozi)	7500	14000	25000
Second Last Page (Glozi)	6000	11000	20000
Third Page	0	0	12000
Last Third Page	0	0	12000
Other Page	3000	5500	10000
શ્રીફળ શ્રીફળ, શુભેચ્છા જાહેરાત પત્રિકાના 1000 Rs.			
Shrandhanjali	3000	5500	10000
Vidhyarthi gaurav	80% More Free (Fix Size)		
	80% Below 200 Rs. (Fix Size)		
	વિદ્યાર્થી ગૌરવ 500 Rs.		
	જન્મ દિવસ શુભેચ્છા 500 Rs.		
દિવાળી ની જાહેરાતની રકમ ડિપોઝીટ સાથે જ મોકલી શ્રીફળ લેવામાં આવશે.			
ખાસ નોંધ : બેંક ડિપોઝીટ ની મર્યાદા			
BANK NAME : HDFC BANK BRANCH : NAKHATRANA A/C No. 50100224236385			

◆ સંપર્ક સુત્ર ◆

(1) શંકરભાઇ રવાણી - 9829051960

(2) નીતિનભાઇ લીમ્બાણી - 9443377812

(3) શાંન્તિભાઇ નાકરાણી - 9425085529

(4) મહેન્દ્રભાઇ સેઘાંણી - 9322233527

(5) CA.પંકજ પારસીયા - 9879369121

(6) બાબુભાઇ ભાવાણી -

નોંધ :- આપની જાહેરાત આ Email id પર 20/10/2020 સુધી મા મોકલી આપવા વીનંતી.

Sanatandharmpatrika2020@gmail.com

અમૃતભાઇ નાકરાણી (અકલેશ્વર)

CEO - 77189 77774

સુવિધા કેન્દ્ર : શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

૫૦૧-૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેશ હબ કોમ્પલેક્ષ, નરોડા- દહેગામ રોડ, એસ.પી. રીંગ રોડ પાસે, નરોડા, અમદાવાદ-૩૮૨ ૩૩૦.

Mo.: +91 77189 77774 ● E-mail : office@sanatandharmpatrika.com ● Web: www.sanatandharmpatrika.com

શ્રી ક. ક. પા. સમાજ નાસિક, નાસડીં નવરાત્રી નિમિત્તે ઘટ સ્થાપના.

મુખ્ય યજમાન ઝોનસમાજના પ્રમુખ ખેતસીભાઈ રવાણી, કેન્દ્રીય મહિલા સંઘ મહામંત્રી શ્રીમતી રમીલાબેન રવાણી, સોશીયલ ડીસ્ટન્સને સરકારી નિયમોનું પાલન કરી આયોજન કરવામાં આવ્યું હતું.

વિદર્ભ માં રક્તદાન..

સંયોજક : રતનશીભાઈ - નાગપુર.

શ્રી કચ્છ પાટીદાર સમાજ લકડગંજ નાગપુર સંચાલિત પાટીદાર સેવા સમિતિ એવંમ પાટીદાર યુવક મંડળ દ્વારા રવિવાર તા. ૧૮ ઑક્ટોબર ૨૦૨૦ના પાટીદાર ભવનમાં સવારે ૮.૩૦ થી બપોરના એક વાગ્યા સુધી બ્લડ અને પ્લાઝમા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે..

જરૂર રક્તદાતા અને પ્લાઝમા દાતા મહાદાન એવા રક્તદાન માં ભાગ લે.

સુરક્ષા ની તમામ પ્રકાર ની જોગવાઈ કરવામાં આવી છે.

નવરાત્રી મહોત્સવ... થર્ડ એમ્પાયરની દ્રષ્ટિએ...

નવરાત્રી અને આદ્યશક્તિ જગદંબા ના મહત્વને સમજવા માટે થોડી પૂર્વ ભૂમિકા બાંધવી જરૂરી છે.

સહુ પ્રથમ તો આપણે ઈશ્વર,ભગવાન અને દેવ આ ત્રણ દૈવી શબ્દો ને સમજવા જરૂરી છે. સમાન અર્થ લાગતા આ શબ્દો અને મહત્વ અલગ છે. જેમણે આ શ્રુષ્ટિનું સર્જન કર્યું છે તે ઈશ્વર છે. સમય જતાં શ્રુષ્ટિનું ખોરવાયેલું બેલેન્સ સુધારવા અને માર્ગદર્શન આપવા જવલ્લેજ પણ યુગે યુગે જે જન્મ લે છે તે ભગવાન તરીકે ઓળખાય છે. જ્યારે જીવન માટે પૂરક અને કારણ બને છે તે દેવ છે...

શાસ્ત્ર નું વિધાન છે જ કે ઈશ્વર નિર્ગુણ, નિરાકાર છે પણ જગતની જાગતિક જરૂરિયાત માટે જ્યારે સગુણ સાકાર થઈને આંશિક રૂપે અવતરે છે ત્યારે તે ભગવાન બનીને આવે છે... તે ઈશ્વર નથી કે નથી તે શ્રુષ્ટિ નો રચિયતા પરંતુ ઈશ્વર ઈચ્છે તે પ્રમાણેની ઉભી થયેલી ખોટ પુરનાર ભગવાન જરૂર છે...

દા.ત. રામ અને કૃષ્ણ..

જ્યારે મા, બાપ, ગુરુ, પવન, અગ્નિ, જળ ઇત્યાદિ દેવ છે જે આપણા જીવન ના પૂરક છે એટલે તેમની પૂજા કરાય... જ્યારે ભગવાન આપણા માટે માર્ગદર્શક છે તેથી તેમની અને તેમની વાતો કે જીવન ચરિત્ર ની આરાધના કરાય, જ્યારે ઈશ્વર સૌથી ઉપર છે તેમનું ચિત્ર કે ચરિત્ર આપણી કલ્પના બહાર છે પણ તે છે જરૂર અને તેમની ઉપાસના માત્ર કરવી રહી... ઈશ્વર પાસે જ સર્વ શક્તિ રહેલી છે, ભગવાન સ્વરૂપે અવતરેલા રામ અને કૃષ્ણે પણ ઈશ્વર ની ઉપાસના કરેલી જ છે.

નવરાત્રી પ્રભુ શ્રી રામ ની ઉપાસના નું પર્વ છે. ઈશ્વર અને તેમની શક્તિ ની ઉપાસના નું પર્વ ગણાવી શકાય. શ્રીરામ ને લંકાપતિ શક્તિશાળી રાવણ ને હણવા માટે શક્તિની ઉપાસના કરવાની ફરજ પડી હતી. સતત નવ દિવસ સુધી નવ નવ ઇન્દ્રિયોને જાગૃત કરી અને તેમાં નવી ઊર્ઝા ને શક્તિ આપી ને તેમાં પ્રાણ પૂર્યા અને શક્તિના ભિન્ન ભિન્ન સ્વરૂપ ને આપણા શાસ્ત્ર મા જગદંબાના વિવિધરૂપ તરીકે વર્ણવે છે.

જેવી રીતે આજનું સાયન્સ સ્થિર ઊર્ઝા, ગતિશીલ ઊર્ઝા, પવન ઊર્ઝા, જળ ઊર્ઝા કે અન્ય ઊર્ઝા ના નામ આપે છે. આપણા શાસ્ત્રોમાં તો આવી બાવન ઊર્ઝા ઓનું વર્ણન છે જે આજના સાયન્સ કરતા ક્યાંય વધુ છે.

ભગવાન શ્રી રામ સતત નવ દિવસ શક્તિની ઉપાસના કરતા રહે છે અને આવી રીતે રાવણ રૂપી એક પછી એક એમ નવ નબળાઈઓ ઉપર જીત મેળવી ને છેલ્લે દસમા દિવસે સંપૂર્ણ રીતે રાવણ નામના પૂર્ણ દોષ ને જીતી લે છે. એટલે દસમા દિવસે રાવણ રૂપી દુશ્મન ને હણ્યો છે એજ આપના માટે વિજયાદશમી આ છે આપણી સાચી નવરાત્રી. પરંતુ આજની નવરાત્રી સમય જતાં સંપૂર્ણ બદલાઈ ગઇ જેનો મૂળ હેતુ જ બદલાઈ ગયો. આ પવિત્ર નવ દિવસો આપના દુર્ગુણો ઉપર જીત મેળવવાના દિવસો છે. પરંતુ અહીંયા તો વર્તમાન નવરાત્રિ માં દુર્ગુણો ઘુસી જવાનો સવિશેષ ડર છે. નવરાત્રી જાણે ફેશન પરેડ બની ગઈ. દરેક મા બાપ ને પોતાનો જવાન દીકરો કે દીકરી ગરબા ના ચક્કર માંથી ઘરે પરત ના ફરે ત્યાં સુધી ઊંઘ પણ નથી જ આવતી. આ આપણી સાચી નવરાત્રી છે જ નહીં. સાચી નવરાત્રીમાં કેટલાય પ્રદૂષણ ઘુસી ગયા ત્યાં ઈશ્વર ની શક્તિ એવા જગદંબા નો વાસ ક્યાંથી હોય???

પ્રભુ શ્રી રામ દ્વારા કરાયેલી શક્તિ ની નવ નવ દિવસની ઉપાસના એજ આપણી સાચી નવરાત્રી છે. કામ, ક્રોધ,લોભ, મોહ, ઈર્ષા, સ્વાર્થ, દ્વેસ, કપટ જેવા દુર્ગુણનો ત્યાગ કરવાના અને દયા, સંવેદના, લાગણી, ક્ષમા, પ્રેમ જેવા સદગુણો ની પ્રાપ્તિ માટેની ઉપાસના એટલે નવલી નવરાત્રી

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...

વિનોદ ભાવાણી (અમદાવાદ - નરોડા) મો : ૯૫૭૪૬૭૪૭૫૮.

આજની ચિંતનકણિકા

ક્રમશ.. ગઈકાલ થી....

વાલી મિત્રોને મારી વિનંતી કે...

૭. વેકેશનમાં...રજાઓમાં બાળકને ક્યાંક બહાર ફરવા લઈ જાવ. ક્યારેક પ્રકૃતિવિહાર કરાવો. સજીવ સૃષ્ટિની વ્યાપકતા અને વિશાળતાનો અનુભવ એને કરાવો. પુસ્તકનાં બે પૂંઠાં વચ્ચે છે એ કરતાં અનેકગણું જ્ઞાન આવીંહે હેદ્દીજિંઅ માં છે. એ જ્ઞાનના પગલે પગલે સમજણ, વિવેક અને ડહાપણનો સંચાર બાળકના વ્યક્તિત્વમાં થશે.

૮. ક્યારેય એની સરખામણી કોઈ અન્ય સાથે ન કરશો. એ એકમેવ છે, અનન્ય છે, વિશેષ છે એવી પ્રતીતિ એને સતત કરાવતા રહેજો. એની છૂપી શક્તિઓની ચિનગારી તમને ક્યારેક દેખાઈ જાય તો ફૂંક મારી એની ઉપરની રાખને ઉડાડતા રહેજો.

૯. એને કેવળ બાળક તરીકે, બહુ નાનો છે એ રીતે કે એ માત્ર વિદ્યાર્થી છે એ રીતે જોવાનું બંધ કરીને એ એક વ્યક્તિ છે એ રીતે સ્વીકારો, એનું સ્વતંત્ર અસ્તિત્વ છે. અને એનું મૌલિક અસ્તિત્વ છે એ રીતે જોવાનું શરૂ કરો. તો એને તમારી સાથે હળી-મળી જવામાં જરાય વાર નહીં લાગે. એ તમારાથી અતડું નહીં રહે. એના વિચારો, એની લાગણીઓ અને એની સંવેદનાઓ એ

નિર્ભયપણે તમારી પાસે વ્યક્ત કરતું રહેશે.

મિશન અભિમન્યુ

શ્રી ઉમા એજ્યુકેશન અને ચેરિટેબલ ટ્રસ્ટ

SUV international school

અવસાન નોંધ

તારીખ : ૧૭/૧૦/૨૦

સ્વ. શામજી નારણ છાભૈયા, ઉમર : ૭૨ વર્ષ

કચ્છ : વરજડી, હાલે : ચેન્નાઇ.

સ્વ. નર્મદાબેન દેવશીભાઈ પોકાર, ઉમર : ૫૧ વર્ષ

કચ્છ : મોટી વિરાણી, હાલે : વસઈ.

કડોદરા પાટીદાર ભવન માં નવરાત્રી ની આરતી રોજ રોજ માતાની ઉપાસના

કડોદરા સમાજના પ્રમુખશ્રી માવજીભાઈ પોકાર દ્વારા સહુ કડોદરા સનાતની સમાજના પરિવારને રોજ-રોજ આરતીના દિવસો ફાળવી આપવામાં આવ્યા છે. તે મુજબ તે પરિવારના આત્મિય જનો દ્વારા પાટીદાર ભવનમાં નિરંતર કરવામાં આવતી માં ની ઉપાસના આ વર્ષે પણ કરવામાં આવશે. જેમાં આરતી કરવાની રહેશે.

સહુ પરિવારજનો બનીઠનીને માસ્ક સાથે પાટીદાર ભવન માં પ્રવેશ કરે..

જેમની આરતી નથી તેવા પોતાના ઘરે આ આરતીનો લાઈવ લાભ લેશે અને પરંપરાગત પોતાન ઘર કે સોસાયટી માં ગરબે રમશે..

ક્ચ્છ યુવક સંઘ દ્વારા લાઈવ વર્ચ્યુઅલ નવરાત્રીના સહુ લાભ લેશો..

માતાની ઉપાસના ઘર-ઘર કારવામાં આવશે એવી સહુને જાણકારી આપવામાં આવી

છે..

પ્રસાદ દરેક આરતી કરનાર ને આપવામાં આવશે...

ગોપાલભાઈ ભવાણી, મહામંત્રી

ક.ક.પા. સનાતની સમાજ.. કડોદરા, સુરત.

અપૂર્ણ નહીં ... પરિપૂર્ણ અભિમન્યુ..



બાળ ઉછેર એ આપણ ને મહાભારત અને રામાયણ માં આદશ રીતે દર્શનીય છે...

એના ઉત્તમ ઉદાહરણ એક પરિવાર અને એક જ ગુરુ જેના.. દુર્યોધન અને યુધિષ્ઠિર..

આપણા ઘર પરિવાર નું વાતાવરણ ઉછેર અને ઘડતર માટે નું પ્લેટફોર્મ છે.

અહીં બાળ ઉછેર ની આધ્યાત્મિક ઝલક રજુ કરી છે. ઠેર ઠેર બાળ સંસ્કાર કેન્દ્ર લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામ દ્વારા ચાલુ છે જેમાં યુવાસંઘ ના સામાજિક અને આધ્યાત્મિક ટિમ દ્વારા રંગ પુરવા નો પ્રયાસ શરૂ કર્યો છે જેને ટાઇટલ આપ્યું છે મિશન અભિમન્યુ.. અપૂર્ણ નહીં પરિપૂર્ણ...

અહીં આવીજ એક ઝલજ પ્રસ્તુત કરી છે.

આ છે મિશન અભિમન્યુ ની તાકાત....

ઘરના સંસ્કાર, માતા પિતા નાં ઉચ્ચતમ વિચાર જે ગર્ભ સંસ્કાર દ્વારા બાળકો માં ઉતરે છે...

નહી તો આ પોણા ત્રણ વરસ નો નિવાંન દિવ્યેશ ભાદાણી (ચેન્નાઇ) આટલા બધા શ્લોક અને સ્તુતિઓ આ ઉમરે કઈ રીતે કંઠસ્થ કરતો હશે, આશ્ચર્ય પમાડે તેવી વાત છે. પણ, હકીકત છે. પરિવાર નો માહોલ, જેમાં દાદા અમૃત રવજી ભાદાણી જેઓને પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી નાં વિચારો નાં આશીર્વાદ છે, અને ગીતાના અધ્યાયો પૂર્ણ કંઠસ્થ છે. સૌમ્ય અને સદગુણી દાદી હંસાબેન અમૃત ભાદાણી અને લાગણીશીલ, સંગીત પ્રેમી, પ્રેમાળ પિતા દિવ્યેશ અમૃત ભાદાણી તેમજ સતેજ અને સ્નેહાળ માતા શિલ્પાબેન છે.

આ સિવાય કાકા રમણીક અને કાકી નિર્મળા સહિત સર્વે પરિવાર જનો જેમાં આધ્યાત્મિકતા નું ઝરણું વહેતુ હોય અને સમાજ સેવાનો ભાવ ઉભરતો હોય તેવા પરિવાર નાં સંતાનો પર ખરેખર ઈશ્વર ની વિશેષ અનુકંપા હોય છે.

આ નિવાંન મૂડ બને ત્યારે આખે આખી હનુમાન ચાલીસા ધડધડ બોલી જાય છે, ત્રિકાળ સંધ્યા પાઠ, દ્વાદશ જ્યોર્તિલિંગ સ્તોતમ, ગાયત્રી મંત્ર તેમજ અવારનવાર બોલતા વિવિધ શ્લોકો અને ભજન પણ તેને કંઠસ્થ છે.

આવા બાળક અને તેના પાલક માતા પિતા ખરેખર અભિનંદન ને પાત્ર છે. સાથે એ પણ નોધવું ઘટે કે આ બાળક ખૂબ રસ લઈ ને મિશન અભિમન્યુ નાં ક્લાસ પણ કરે છે.

દિવ્યેશ (નિવાંન નાં પિતા) :

૯૮૮૪૫૬૭૧૪૯

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૧૬.૧૦.૨૦૨૦ નો પ્રશ્ન નબર ૧૩૮ :

હિન્દુ સંસ્કૃતિ અનુસાર શ્રાદ્ધના ૧૬, નવરાત્રિના નાં નવ ને કેટલા દિવસે દિવાળી હોય...???

જવાબ : ૨૦ દિવસે દિવાળી હોય....

જવાબ આપનાર વિજેતા : મંજુલા રામાણી - બારડોલી ૯૪૨૯૯૩૨૬૦૨.

ગઈકાલ તા.૧૭.૧૦.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૧૩૯ :

દેવી ની શક્તિપીઠો નાં નામો આપો... ? કોઈ પણ પાંચ..

આજના પ્રશ્ન નંબર ૧૪૦ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઇનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..